| GJDH090001262019 | RECEIVED ON | 03-10-2019 |
|---|---|---|
| | REGISTERED ON | 03-10-2019 |
| | DECIDED ON | 29-12-2021 |
| | DURATION | DYS. MTHS. YRS |
| | | 26 02 02 |

**દાહોદ જિલ્લાની મજુર અદાલતના કર્મચારી વળતર ધારા હેઠળ નીમાયેલા કમિશનર શ્રી ડી.જે.ચૌહાણ સમક્ષ, દાહોદ**

**વ.કો.(ફેટલ) અરજી નં.૧૩/૨૦૧૯**
**આંક–**

| <u>ક્રમ</u> | <u>અરજદાર</u> | <u>ઉ.વ.</u> | <u>ધંધો.</u> | <u>રહેવાસી</u> |
|---|---|---|---|---|
| | ગુજરનાર સ્વ. મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ દિનેશભાઈ ડામોરના આશ્રિતો | | | |
| **(૧)** | અસ્મીતાબેન મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ ડામોર ની વિધવા (ગુ.વિધવા) | ૨૪ | ઘરકામ | નાળા ફળીયું, પીછોડા, તા.સંજેલી, જી.દાહો |
| **(૨)** | શિવરાજકુમાર મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ ડામોર (ગુ.સગીર પુત્ર) | ૦૫ | કાંઈ નહી | " " " |
| **(૩)** | સિધ્ધરાજ મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ ડામોર (ગુ.સગીર પુત્ર) | ૦૩ | કાંઈ નહી | " " " |
| **(૪)** | દિનેશભાઈ વિરસીંગભાઈ ડામોર (ગુ.ના પિતા) | ૪૬ | ખેતી/મજુરી | " " " |
| **(૫)** | સુમીત્રાબેન દિનેશભાઈ ડામોર (ગુ.ના માતા) | ૪૪ | ઘરકામ | " " " |

C/O દાહોદ જિલ્લા જનરલ કામદાર યુનિયન, દાહોદ **...અરજદારો/આશ્રિતો**

**વિરૂધ્ધ**

**<u>સામાવાળાઃ</u>–**

**(૧)** મેઘાણી જગદીશભાઈ અર્જુનભાઈ – – મેઘાણી મંડપ એન્ડ ફરાસખાના નં.૬, ગાયત્રી ચેમ્બર્સ, રાજદીપ પાર્કની સામે, કોપોન્દ્રા ચોકડી આગળ, વાલીયારોડ, અંકલેશ્વર, જી.ભરૂચ.

. **....સામાવાળા**

**હાજર રહયા :–** અરજદારો તરફે વિ.પ્રતિનિધિ શ્રી એસ.આર.બારીઆ
સામાવાળા તરફે વિ.વ.શ્રી આઈ.એ.મનસુરી

**–:: હુકમ ::–**

**(૧)** સદર અરજી આ કામના અરજદારોએ કામદાર વળતર ધારો–૧૯૨૩ કે જે હવે કર્મચારી વળતર ધારા તરીકે ઓળખાય છે (કે જેને હવે પછી કાયદા તરીકે ઉલ્લેખવામાં આવશે.) ની જોગવાઈઓ હેઠળ દાખલ કરી ગુજરનાર મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ દિનેશભાઈ ડામોરના અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂા.૮,૯૬,૦૦૦/– વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત સામાવાળા પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલી છે.

**(૨)** અરજદારોની અરજીની વિગત ટુંકમાં એવી છે કે, ગુજરનાર મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ દિનેશભાઈ ડામોર અરજદાર આશ્રિત નં.૧ ના પતિ, અરજદાર આશ્રિત નં.ર,૩ ના પિતા અને અરજદાર આશ્રિત નં.૪,૫ ના પુત્ર થતા હતા. સામાવાળા ડેકોરેશન અને મંડપના ફરાસખાનાના માલીક છે અને તેઓ ખુબ મોટા પાયે ધંધો કરે છે અને મેઘાણી મંડળ એન્ડ ડેકોરેશન અને ફરાસખાનાના જાણીતા માલિક છે. ગુજરનાર મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ ડામોર અને તેમના ગામના અન્ય કારીગરો હેલ્પરો સામાવાળાના ત્યાં સામાવાળાની સલાહ અને સુચના મુજબ મંડળ એન્ડ ડેકોરેશનમાં મજુરી કામ કરતા હતા અને તે રીતે ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલિકના કાયદેસરના સંબંધો પ્રસ્થાપિત થયેલ છે. તા.૦૩/૦૪/૨૦૧૮ ના રોજ ગુજરનાર તથા તેમની સાથે મજુરી કામ કરતા ભુડાભાઈ પુનાભાઈ ડામોર, કલ્પેશભાઈ નરવતભાઈ ડામોર, રાજુભાઈ લાલજીભાઈ વસૈયા તથા અન્ય મજુરો સાથે સામાવાળાની નંદનવાડી સોસાયટી, ભલાઉ એરીયા, ભરૂચ ખાતે મંડપ ડેકોરેશનની કામગીરી ચાલતી હતી તે સાઈડ ઉપર કામ કરતા હતા તે સમયે સામાવાળાની નિષ્કાળજી અને બેદરકારીથી મંડપ ડેકોરેશન માટે લાઈટીંગ કરેલ તે લાઈટના વાયર ખુલ્લા રહી જતા તેમાંથી હેવી વીજ કરંટ પસાર થતો હતો તે વાયર મંડપની પાઈપોને અડીને જતો હોય મંડપની પાઈપમાં વીજ કરંટ આવી જતા ગુજરનારને મંડપની અંદર સીડી નાંખી સીડી પર ચઢી મંડપની સીલીંગ પાઈપ સાથે બાંધવા જતા હેવી વીજ કરંટ લાગેલ અને સીડી ઉપરથી ફેંકાઈ ગયેલ. જેથી ગુજરનારને તાત્કાલીક ઓરકીંગ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ સેવા આશ્રમ ભરૂચ ખાતે સારવાર અર્થે દાખલ કરેલ અને ગુજરનાર ગંભીર રીતે દાઝી ગયેલ હોય તેમજ ગંભીર ઈજાઓ થયેલ હોય વધુ સારવાર અર્થે વડોદરા ખાનગી હોસ્પીટલમાં દાખલ કરેલ ત્યાં સારવાર લેવા છતાં સુધારો ન થતાં અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં લઈ ગયેલા જયાં ચાલુ સારવાર દરમ્યાન તા.૦૩/૦૪/૧૮ ના રોજ મરણ ગયેલ છે. ગુજરનારનું ચાલુ ફરજ દરમ્યાન કરંટ લાગતા મરણ થયેલ હોય તે બાબતે અમદાવાદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં સી.આર.પી.સી.૧૭૪ મુજબ જાણવા જોગ ફરીયાદ આપેલ અને ગુજરનારનું પી.એમ. કરવામાં આવેલ. સામાવાળાઓએ ગુજરનારની લાશ લાવવા માટે રૂા.૫૫૦૦/– આપેલા અને અંતિમક્રિયા પૂર્ણ કરી ભરૂચ આવશો ત્યારે અકસ્માત વળતર ચુકવી આપીશું તેવું આશ્વાસન આપેલ હોવા છતાં વિધિ પૂર્ણ કરી પંચના આગેવાનોને લઈ ભરૂચ ગયેલા તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ભગાડી મુકેલા અને વારંવાર માંગણી કરવા છતાં વળતર ચુકવી આપેલ નથી કે કોર્ટમાં જમા કરાવેલ નથી. સામાવાળા ગુજરનારને દૈનિક રૂા.૫૦૦/– મજુરી ચુકવતા

હતા જે મુજબ માસીક રૂા.૧૫,૦૦૦/– પગાર થાય છે. પરંતુ, કાયદાકીય જોગવાઈ મુજબ રૂા.૮૦૦૦/– ગણવામાં આવેલ છે. અકસ્માત સમયે ગુજરનારની ઉંમર ૨૦ વર્ષની હોઈ ઉંમરના રીલેવન્ટ ફેકટર ૨૨૪.૦૦ ને માસીક પગાર રૂા.૮૦૦૦/– ના ૫૦% પગાર રૂા.૪૦૦૦/– સાથે ગુણતા રૂા.૮,૯૬,૦૦૦/– વળતરની રકમ થાય જે સામાવાળા અકસ્માત બન્યા તારીખથી ૨૦% વ્યાજ તથા ૫૦% પેનલ્ટી સહિત ચુકવવા જવાબદાર બને છે. સદર અકસ્માત સામાવાળાની બેદરકારીના કારણે બનેલ છે. અકસ્માત ટાળવા અંગે કોઈ તકેદારી કે કાળજી લીધેલ નથી. જેથી અકસ્માત સંપૂર્ણ જવાબદારી સામાવાળાની થાય છે. સામાવાળા તમામ મજુરોની હાજરી ચોપડામાં ભરતા હતા અને ચોપડામાં સહી લઈ મજુરી ચુકવતા હતા. જેથી પગાર અંગે કોઈ સ્લીપ, પહોંચ કે હાજરી કાર્ડ આપતા ન હોવાથી તેઓ પાસે નથી. અકસ્માત અંગેના તમામ પુરાવા સામાવાળના કબજામાં છે અને સામાવાળાએ આજદિન સુધી અકસ્માત વળતરના નાણાં નહી ચુકવવાથી આ અરજી દાખલ કરવાની જરૂર પડેલ છે. જેથી અકસ્માત વળતરની રકમ રૂા.૮,૯૬,૦૦૦/– વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી સહિત સામાવાળા ચુકવી આપે તેવો હુકમ કરવો જોઈએ.

**(૩)** આ કામે નોટીસ બજવા છતાં સામાવાળા તરફે જવાબ રજુ ન કરતા આંક–૧૨ હેઠળ હુકમ કરી તેમનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ, જે સામાવાળા તરફે વિ.વ.શ્રી આઈ.એ.મનસુરીએ આંક–૧૫ થી વકીલાતનામુ રજુ કર્યા બાદ આપેલ આંક–૧૬ ની અરજી અન્વયે રી–ઓપન કરવામાં આવેલ, પરંતુ ત્યારબાદ પણ એકથી વધુ મુદતો આપવા છતાં સામાવાળા તરફે જવાબ રજુ ન કરતા આંક–૨૧ હેઠળ હુકમ કરી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૪)** સામાવાળાએ આંક–૧૮ ની પુરસીસથી પોતાના કાયમી સરનામાની વિગત જાહેર કરેલ છે.

**(૫)** અરજદારો તરફે આંક–૦૩ અને આંક–૦૭ ના લીસ્ટથી નિ.૩/૧ થી નિ.૩/૭ ના અને નિ.૭/૧ થી નિ.૭/૨ ના નીચે મુજબના દસ્તાવેજો રજુ કરવામાં આવેલા છે.

| ક્રમ | દસ્તાવેજનો પ્રકાર | તારીખ | અસલ/નકલ | આંક |
|---|---|---|---|---|
| ૧ | ગુજરનારનું આધાર કાર્ડ | – | નકલ | નિ.૩/૧ |
| ૨ | ગુજરનારની વિધવાનું આધાર કાર્ડ | – | નકલ | નિ.૩/૨ |
| ૩ | ગુજરનારનો તલાટી કમ મંત્રીનો દાખલો | તા.૨૩/૦૪/૧૮ | અસલ | નિ.૩/૩ |
| ૪ | ગુજરનારનું સ્કુલ સર્ટી | તા.૧૨/૦૪/૧૮ | નકલ | નિ.૩/૪ |
| ૫ | ગુજરનારનું મેડીકલ સર્ટી | તા.૦૩/૦૪/૧૮ | નકલ | નિ.૩/૫ |
| ૬ | મરણોતર પંચનામુ | તા.૦૩/૦૪/૧૮ | નકલ | નિ.૩/૬ |
| ૭ | ગુજરનારનો પી.એમ.રીપોર્ટ | તા.૦૩/૦૪/૧૮ | નકલ | નિ.૩/૭ |
| ૮ | ગુજરનારના પુત્રનું જાતિનું પ્રમાણપત્ર | તા.૧૧/૧૦/૧૯ | નકલ | નિ.૭/૧ |
| ૯ | ગુજરનારના પિતાનું જાતિનું પ્રમાણપત્ર | તા.૧૯/૦૧/૧૮ | નકલ | નિ.૭/૨ |

**(૬)** અરજદાર નં.૧ અસ્મીતાબેન મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ ડામોરે આંક–૨૩ થી એફિડેવીટ ઉપર જુબાની આપેલ છે. જેમની ઉલટ માટે સામાવાળા હાજર ન રહેતા આંક–૨૪ હેઠળ હુકમ કરી સામાવાળાનો ઉલટનો હકક બંધ કરવામાં આવેલ છે.

આંક–૨૫ ની પુરસીસથી અરજદારોએ તેમના પુરાવા બંધ જાહેર કરેલા છે.

**(૭)** સામાવાળા તરફે સાક્ષી પુરાવા રજુ ન થતા આંક–૨૭ હેઠળ હુકમ કરી તેમનો સાક્ષી પુરાવા રજુ કરવાનો હકક બંધ કરવામાં આવેલો છે.

**(૮)** અરજદારો તરફે આંક–૨૮ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે. જયારે સામાવાળા દલીલો માટે હાજર ન રહેતાં તેમનો દલીલનો હકક આંક–૨૯ હેઠળ હુકમ કરી બંધ કરવામાં આવેલો છે.

**(૯)** દલીલો ધ્યાને લીધી. રેકર્ડ વંચાણે લીધુ. મારા નિર્ણય અર્થે આંક–૨૨ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઓઃ–**

(૧) શું અરજદારો સાબિત કરે છે કે તેઓ ગુજરનારના કાયદેસરના આશ્રિત છે?

(૨) શું અરજદારો સાબિત કરે છે કે ગુજરનાર અને સામાવાળા વચ્ચે કામદાર માલિકના સંબંધો હતા?

(૩) શું અરજદારો સાબિત કરે છે કે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ અને તે સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે થયેલ અકસ્માત ઈજાઓના કારણે થયેલ?

(૪) શું ઉંમર તથા વેતન અકસ્માત ઈજા સમયે ગુજરનારના હતા?

(૫) શું અરજદારો સામાવાળા પાસેથી વળતર, વ્યાજ અને ખર્ચની રકમ વસુલ મેળવવા હકકદાર બને છે? જો હા તો કેટલી?

(૬) શું સામાવાળા પેનલ્ટી ચુકવવા જવાબદાર બને છે? જો હા તો કેટલી?

(૭) શું હુકમ ?

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ છે

(૧) હકારમાં

(૨) હકારમાં

(૩) હકારમાં

(૪) વળતરની ગણતરી માટે માસીક પગાર રૂા.૮૦૦૦/–, ઉંમર ૧૯ વર્ષ.

(૫) હકારમાં, આખરી હુકમમાં જણાવ્યા મુજબ.

(૬) હકારમાં, આખરી હુકમમાં જણાવ્યા મુજબ.

(૭) આખરી હુકમ મુજબ.

**(૧૧)** મારા નિર્ણયના કારણો નીચે મુજબ છે.

**(એ)** આ કામે પ્રથમ મુદ્દો અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિત છે કે કેમ? તે બાબતનો છે. આંક–૦૧ ની અરજીમાં ગુજરનાર મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ અરજદાર આશ્રિત નં.૧ ના પતિ, અરજદાર આશ્રિત નં.ર,૩ ના પિતા અને અરજદાર આશ્રિત નં.૪,૫ ના પુત્ર થતા હતા અને ગુજરનારનું સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત મૃત્યુ થયેલ હોઈ ગુજરનારના આશ્રિતો તરીકે ગુજરનારનું અકસ્માત વળતર મેળવવા માટે અરજી દાખલ કરેલ છે તેમ જણાવેલું છે. અરજદારો તરફે આંક–૦૩ ના લીસ્ટથી ગુજરનારના આધાર કાર્ડની નકલ, અરજદાર નં.૧ ના આધાર કાર્ડની નકલ, ગુજરનારનો ઓળખ અંગેનો તલાટી કમ મંત્રી, ગ્રામ પંચાયત પીછોડાનો દાખલો, ગુજરનારના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટની નકલ, મેડીકલ સર્ટીફિકેટની નકલ, મરણોતર પંચનામાની નકલ, પી.એમ.રીપોર્ટની નકલ રજુ કરેલી છે. અરજદાર નં.૧ એ આંક–ર૩ ની એફિડેવીટ પર આપેલ જુબાનીથી અરજીની વિગતોને સમર્થન આપેલ છે. જેની ઉલટ તપાસ સામાવાળા તરફે કરવામાં આવેલ નથી કે વિરૂધ્ધના કોઈ પુરાવા રેકર્ડ ઉપર લાવવામાં આવેલા નથી. અરજદારોએ તેમની અરજીમાં તેઓ આશ્રિતો ઘરકામ મજુરી કરી તેઓનું તથા તેમના પરીવારનું ભરણપોષણ કરે છે તેમ જણાવેલું છે. પણ, અરજદારો દુરદરાજ ગામડાના રહેવાસી અને મજુરી ઉપર નભનારા છે. ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોમાં ઘરના એકજ વ્યકિતની આવક ઉપર ગુજારો થતો ન હોવાના કારણે ઘરના તમામ સભ્યોને કામ કરવાની ફરજ પડે છે અને ઘરના સભ્યોના જીવન નિર્વાહ માટે કમાનાર દરેક સભ્યની આવક સંયુકત રીતે ખર્ચાતી હોય છે. જેથી ઘરના દરેક સભ્યો પોતાના જીવન નિર્વાહ માટે એકબીજાની આવક ઉપર અંશતઃ આશ્રિત બને છે. જેથી અરજદાર નં.૧ ગુજરનારના વિધવા પત્ની થતા હોઈ અને અરજદાર નં.ર,૩ ગુજરનારના સગીર સંતાનો થતા હોઈ તેઓ ગુજરનારની આવક ઉપર સીધા આશ્રિત બને છે તેમજ અરજદાર નં.૪,૫ ગુજરનારના માતા–પિતા થતા હોઈ તેઓ ગુજરનારની આવક ઉપર અંશતઃ આશ્રિત બને છે અને તેઓનો સમાવેશ કાયદાની કલમ–ર(૧)(ડી) થી આપેલ આશ્રિતની વ્યાખ્યામાં થઈ જતો હોઈ મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–ર(૧)(ડી) થી આપેલ આશ્રિતની વ્યાખ્યા નીચે મુજબ છે.

**Sec.2(1)(d)**

"dependant means" any of the following relatives of deceased employee, namely :-

**i** a widow, a minor legitimate or adopted son, an unmarried legitimate or adopted daughter or a widowed mother; and

**ii** if wholly dependant on the earnings of the employee at the time of his death, a son or a daughter who has attained the age of 18 years and who is infirm;

**iii** if wholly or in part dependant on the earnings of the employee at the time of his death,-

**a** a widower

**b** a parent other than a widowed mother,

**c** a minor illegitimate son, an unmarried illegitimate daughter or a daughter legitimate or illegitimate or adopted if married and a minor or if widowed and a minor,

**d** a minor brother or an unmarried sister or a widowed sister if a minor,

**e** a widowed daughter-in-law,

**f** a minor child of a pre-deceased son,

**g** a minor child of a pre-deceased daughter where no parent of the child is alive, or

**h** a paternal grandparent if no parent of the employee is alive;

Explanation : For the purposes of Subclause (ii) and items (f) and (g) of subclause (iii), references to a son, daughter or child include an adopted son, daughter or child respectively.

**(બી)** આ કામે બીજો અને ત્રીજો મુદ્દો એકબીજા સાથે સંકળાયેલ હોઈ પુનરોકિત દોષ નિવારવા સારૂ તે બંનેની ચર્ચા એક સાથે કરવામાં આવે છે. આ કામે અરજદારોની રજુઆત એવી છે કે, ગુજરનાર મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ ડામોર તેમના ગામના અન્ય કારીગરો હેલ્પરો સાથે સામાવાળાના ત્યાં મંડળ એન્ડ ડેકોરેશનમાં મજુરી કામ કરતા હતા. તા.૦૩/૦૪/૨૦૧૮ ના રોજ ગુજરનાર અન્ય મજુરો સાથે સામાવાળાની નંદનવાડી સોસાયટી, ભલાઉ એરીયા, ભરૂચ ખાતે મંડપ ડેકોરેશનની કામગીરી ચાલતી હતી તે સાઈડ ઉપર કામ કરતા હતા તે સમયે સામાવાળાની નિષ્કાળજી અને બેદરકારીથી મંડપ ડેકોરેશન માટે લાઈટીંગ કરેલ તે લાઈટના વાયર ખુલ્લા રહી જતા તેમાંથી હેવી વીજ કરંટ પસાર થતો હતો તે વાયર મંડપની પાઈપોને અડીને જતો હોય મંડપની પાઈપમાં વીજ કરંટ આવી જતા ગુજરનારને મંડપની અંદર સીડી નાંખી સીડી પર ચઢી મંડપની સીલીંગ પાઈપ સાથે બાંધવા જતા હેવી વીજ કરંટ લાગેલ અને સીડી ઉપરથી ફેંકાઈ ગયેલા. જેથી ગુજરનારને તાત્કાલીક ઓરકીંગ મલ્ટી સ્પેશ્યાલીસ્ટ હોસ્પીટલ સેવા આશ્રમ ભરૂચ ખાતે સારવાર અર્થે દાખલ કરેલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે વડોદરા ખાનગી હોસ્પીટલમાં દાખલ કરેલ ત્યાં સુધારો ન થતાં અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં લઈ ગયેલા જયાં ચાલુ સારવાર દરમ્યાન

તા.૦૩/૦૪/૧૮ ના રોજ મૃત્યુ પામેલ છે. બનાવ બાબતે અમદાવાદ શાહીબાગ પોલીસ સ્ટેશનમાં સી.આર.પી.સી.૧૭૪ મુજબ જાણવા જોગ ફરીયાદ આપેલ છે અને ગુજરનારનું પી.એમ. પણ કરવામાં આવેલ છે. સામાવાળાઓએ ગુજરનારની લાશ લાવવા માટે રૂા.૫૫૦૦/– આપેલા અને અંતિમક્રિયા પૂર્ણ કરી ભરૂચ આવશો ત્યારે અકસ્માત વળતર ચુકવી આપીશું તેવું આશ્વાસન આપેલ હોવા છતાં વિધિ પૂર્ણ કરી પંચના આગેવાનોને લઈ ભરૂચ ગયેલા તો જાનથી મારી નાંખવાની ધમકી આપી ભગાડી મુકેલા અને વારંવાર માંગણી કરવા છતાં વળતર ચુકવી આપેલ નથી કે કોર્ટમાં જમા કરાવેલ ન હોઈ આ અરજી કરેલ છે. સામાવાળા તરફે વિ.વ.શ્રી આઈ.એ.મન્સુરી હાજર થયા બાદ એક થી વધુ મુદતો આપવા છતાં જવાબ રજુ કરેલ નથી.

અરજદાર નં.૧ એ અરજીની વિગતોને આંક–૨૩ ની એફિડેવીટ પરની જુબાનીથી સોગંદ પર સમર્થન આપેલ છે. સામાવાળા તરફે વિ.વ.શ્રી આઈ.એ.મન્સુરી હાજર થયા બાદ એક થી વધુ મુદતો આપવા છતાં જવાબ રજુ કરેલ નથી કે અરજદારે એફિડેવીટ પર જણાવેલ વિગતોને ઉલટ કરી પડકારેલ નથી. જેથી અરજદારની જુબાની અનચેલેન્જ રહેલ છે. આ સિવાય અરજદારો તરફે તેઓની રજુઆતના સમર્થનમાં આંક–૦૩ ના લીસ્ટથી નિ.૩/૬ થી સિવિલ ઓપીડી ચોકી, શાહીબાગ પોલીસ સ્ટેશન, અમદાવાદનાએ કરેલ મરણોતર પંચનામુ રજુ કરેલ છે. જેમાં અનુક્રમ નં.૧૦ લાશના શરીર ઉપરની ઈજાઓના વર્ણનમાં ગુજરનારની લાશ ઉપર માથું, ચહેરો, ગળુ, છાતી, પેટ, બંને હાથ અને બંને પગના ભાગે દાઝી ગયેલાની ઈજા થયેલ હોવાનું જણાવેલ છે તેમજ અનુક્રમ નં.૧૨ પંચો તથા પોલીસના મતે મોતના દેખીતા કારણમાં આ કામે મરણ જનાર પોતે નંદનવન સોસાયટી ભલાઉ એરીયા ભરૂચ ખાતે મંડપનું કામ કરતી વખતે કરંટ લાગતા દાઝી જતા સારવાર દરમ્યાન અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં મરણ ગયેલ છે તેમ જણાવેલું છે. આમ, ઉપરોકત વિગત જોતાં, ગુજરનાર મંડપ બાંધવાની કામગીરીમાં રોકાયેલ હતા તે દરમ્યાન ભરૂચ ખાતે ભલાઉ એરીયામાં નંદનવન સોસાયટીમાં મંડપનું કામ કરતી વખતે લાગેલ કરંટના કારણે તેઓનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે તેવું સ્પષ્ટ ફલિત થાય છે. અરજદારો તરફે રજુ કરવામાં આવેલા સદર પોલીસ પેપર્સની વિગતોને કે અરજદારની સોગંદ પરની જુબાનીને સામાવાળાએ હાજર થયા બાદ પડકારેલ નથી કે પોતાનો કોઈ બચાવ રજુ કરેલ નથી. જેથી અરજદારોની સોગંદ ઉપરની રજુઆત ગ્રાહય નહી રાખવા માટેનું કોઈ કારણ રહેતું નથી. રજુ પી.એમ.નોટમાં મૃત્યુનું કારણ ઈલેકટ્રીક શોટ લાગવાના કારણે શ્વાસોચ્છવાસની ક્રિયા બંધ થઈ જવાથી થયેલ હોવાનું જણાવેલું છે. આ કેસમાં સામાવાળાએ ગુજરનાર તેમના કામદાર ન હતા કે ગુજરનારને તેમની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે અકસ્માત ઈજા થયેલ નથી તેવી કોઈ રજુઆત કરેલ નથી. જેથી સામાવાળા તરફે વિરૂધ્ધનો કોઈ પુરાવો રજુ થયેલ ન હોઈ અને ગુજરનારના મૃત્યુનું અન્ય કોઈ કારણ રેકર્ડ ઉપર આવેલ ન હોઈ સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલું તેવુ નહી માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. જેથી મુદ્દા નં.૨ અને ૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**(સી)** આ કામે ચોથો મુદ્દો અકસ્માત તારીખે ગુજરનારના માસીક વેતન અને ઉંમર બાબતનો છે. રેકર્ડ જોતાં, અરજદારોએ આંક–૧ ની અરજીમાં સામાવાળા ગુજરનારને દૈનિક રૂા.૫૦૦/– લેખે માસીક રૂા.૧૫૦૦૦/– મજુરી ચુકવતા હતા. પરંતુ, કાયદાકીય જોગવાઈ મુજબ રૂા.૮૦૦૦/– ગણવામાં આવે છે તેમ જણાવેલું છે. અરજદાર નં.૧ એ આંક–૨૩ ની એફીડેવીટ પરની જુબાનીથી સદર હકીકતને સમર્થન આપેલ છે. સામાવાળાએ આ કામે હાજર થયા બાદ પોતાનો કોઈ જવાબ રજુ કરેલ નથી કે અરજદાર નં.૧ એ એફિડેવીટ પર જણાવેલ વિગતોને ઉલટ કરી પડકારેલ નથી. આ કામે ગુજરનારને દૈનિક કે માસીક કેટલી રકમ ચુકવવામાં આવતી હતી? તે અંગે સામાવાળા સ્પષ્ટ માહીતી આપી શકે. પરંતુ સામાવાળા તરફે આ બાબતે કોઈ પુરાવા રજુ કરવામાં આવેલ નથી. જેથી અરજદારોની રજુઆત નહી માનવા માટે કોઈ કારણ રહેતુ નથી. પરંતુ, અકસ્માત તા.૦૩/૦૪/૨૦૧૮ ના રોજ બનેલ હોઈ તા.૧૫/૦૧/૨૦૧૦ થી કાયદામાં અમલમાં આવેલ સુધારા અને તા.૩૧/૦૫/૨૦૧૦ થી અમલમાં આવેલા વેતનના સુધારા અન્વયે અકસ્માત તારીખે પ્રર્વતમાન કાયદાની પરિસ્થિતિ મુજબ વળતરની ગણતરી માટે ગુજરનારનું મહતમ માસીક વેતન રૂા.૮૦૦૦/– ધ્યાને લેવાનું રહે છે.

આ કામે અરજદારોએ તેમની અરજીમાં ગુજરનારની ઉંમર ૨૦ વર્ષની હોવાનું જણાવેલું છે. અરજદારો તરફે નિ.૩/૧ થી ગુજરનારના આધાર કાર્ડની ઝેરોક્ષ રજુ કરેલ છે જેમાં ગુજરનારની જન્મ તા.૧૮/૦૪/૯૮ હોવાનું દર્શાવેલ છે તેમજ નિ.૩/૪ ના સ્કુલ લીવીંગ સર્ટીફિકેટમાં પણ ગુજરનારની જન્મ તા.૧૮/૦૪/૯૮ દર્શાવવામાં આવેલી છે. ગુજરનારનું અકસ્માત મૃત્યુ તા.૦૩/૦૪/૨૦૧૮ ના રોજ થયેલ હોઈ તે અગાઉની જન્મ તારીખઃ ૧૮/૦૪/૨૦૧૭ ના રોજ ગુજરનારે ૧૯ વર્ષ પૂર્ણ કરેલા હોઈ વળતરની ગણતરી માટે ગુજરનારની ઉંમર ૧૯ વર્ષની ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે. કાયદાની કલમ–૪ અને શીડયુલ–૪ ની જોગવાઈ નીચે મુજબ છે.

**કલમ–૪ વળતરની રકમ**

(૧) આ અધિનિયમની જોગવાઈઓને આધિન વળતરની રકમ નીચે પ્રમાણે રહેશે.

**(એ)....**

**(બી)....**

**ખુલાસો :**(૧) કલોઝ (એ) અને (બી) ના હેતુઓ માટે કામદારના સંબંધમાં સુસંગત પરિબળ એટલે વળતર લેણું થાય તે તારીખ તરત અગાઉના કામદારના છેલ્લા જન્મ દિવસે તેની ઉંમરના પુરા થતા વર્ષો જેટલા જ વર્ષોની સંખ્યા નિયત કરતાં પરિશિષ્ટ–૪ ના પ્રથમ કોલમમાં અપાયેલ નોંધ સામે તે જ પરિશિષ્ટના બીજા કોલમમાં નિર્દિષ્ટ કરાયેલ પરિબળ.

**(સી)....**

**(ડી).....**

**અનુસૂચિ –૪**
**(જુઓ કલમ–૪)**

| | |
|---|---|
| કાયમી અશકતતા અને મૃત્યુની બાબતમાં ઉચ્ચક વળતરની ગણતરી કરવા માટેના અવયવો જે તારીખે વળતર લેણુપડે તેની તરત પહેલાં આવતી કામદારની છેલ્લી જન્મ તારીખે ઉંમરના પૂરેપુરા વર્ષ | અવયવો |

**(ડી)** આ કામે પાંચમો મુદ્દો સામાવાળાઓ પાસેથી અરજદારો વળતર મેળવવા માટે હકકદાર થાય છે કે કેમ? તે બાબતનો છે. સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ હોઈ સામાવાળા વળતર ચુકવવા માટે જવાબદાર બને છે.

વળતરની ગણતરી કરીએ તો, અકસ્માત મૃત્યુ સમયે ગુજરનારની ઉંમર ૧૯ વર્ષ સામે કાયદાના શીડયુલ–૪ માં દર્શાવેલ સંબંધીત ગુણાંક ૨૨૫.૨૨ ને ગુજરનારના વળતરની ગણતરી માટેના માસીક વેતન રૂા.૮૦૦૦/–ની ૫૦% રકમ રૂા.૪૦૦૦/– સાથે ગુણતાં રૂા.૯,૦૦,૮૮૦/–(અંકે રૂપિયા નવ લાખ આઠસો એસી પુરા) અકસ્માત મૃત્યુના વળતરની રકમ આવે છે, જે રકમ અરજદારો સામાવાળા પાસેથી વસુલ મેળવવા હકકદાર બને છે.

**(ઈ)** આ કામે પાંચમો અને છઠ્ઠો મુદ્દો વળતર ઉપરાંત વ્યાજ, ખર્ચ અને પેનલ્ટી માટે અરજદારો હકકદાર થાય છે કે કેમ? તે બાબતનો છે. કાયદાની કલમ–૪–એ મુજબ માલિકે વળતર લેણું થયાના તુરંત શકય તેટલી ઝડપે વળતરની રકમ ચુકવી આપવાની રહે છે. જો, માલિક વળતરની જવાબદારી સ્વીકારતા ન હોય તો, જેટલા અંશે પોતાની જવાબદારી સ્વીકારતા હોય તેટલી રકમ વળતર તરીકે અકસ્માત ઈજાના કિસ્સામાં કામદારને ચુકવી આપવી જોઈએ અને અકસ્માત મૃત્યુના કિસ્સામાં કમિશનરશ્રી સમક્ષ તેઓએ જમા કરાવવી જોઈએ. જો, માલિક વળતર લેણું થયાના એક માસમાં વળતરની રકમ ચુકવી આપવામાં નિષ્ફળ નીવડે તો, કાયદાની કલમ–૪–એ(૩)(એ) મુજબ વળતરની રકમ ઉપર વળતર લેણું થયા તારીખથી ૧૨% નું સાદુ વ્યાજ ચુકવી આપવાનો કમિશનરશ્રીએ હુકમ કરવાનો રહે છે અને વળતર ચુકવવામાં થયેલ વિલંબના વ્યાજબીપણા અંગે કોઈ ખુલાસો ન થાય તો વળતરની રકમની ૫૦% સુધીની રકમ પેનલ્ટી તરીકે ચુકવી આપવાનો હુકમ માલિકને બચાવની તક આપી, તેઓને સાંભળી કરવાનો રહે છે. આ કેસમાં સામાવાળાની નોકરી દરમ્યાન અને નોકરીના કારણે ગુજરનારનું અકસ્માત મૃત્યુ થયેલ હોવા છતાં સામાવાળાએ વળતર પેટે કોઈ રકમ અરજદારોને ચુકવી આપેલ નથી કે, તેમના માનવા મુજબ ચુકવવા પાત્ર થતી વળતરની કોઈ રકમ કમિશનરશ્રી સમક્ષ જમા કરાવેલ નથી. જેથી સામાવાળાએ કાયદાની કલમ–૪–એ(૩) મુજબ ડિફોલ્ટ કરેલ હોઈ સામાવાળા કાયદાની કલમ–૪–એ(૩)(એ) મુજબ વળતરની રકમ પર અકસ્માત મૃત્યુ તા.૦૩/૦૪/૧૮ થી વસુલ થતા સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ તેમજ કાયદાની કલમ–૪–એ(૩)(બી) મુજબ વળતરની રકમની ૫૦% સુધીની રકમ પેનલ્ટી તરીકે અરજદારોને ચુકવી આપવા જવાબદાર બને છે. સામાવાળાએ આ કેસમાં હાજર થયા બાદ પોતાનો કોઈ બચાવ કરેલ નથી કે વ્યાજ અને પેનલ્ટી બાબતે કોઈ રજુઆત કરેલ નથી. સામાવાળા મુદ્દા આંક–૨૨ થી ઉપસ્થિત કરવામાં આવ્યા તે પછી પણ કોર્ટમાં હાજર થયેલા છે અને આંક–૨૬ ની મુદત

અરજી તેઓએ આપેલી છે. જેથી સ્વભાવિક રીતે જ તેમને ઉપસ્થિત કરેલા મુદ્દાની જાણ હોય, ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દામાં પેનલ્ટી અંગેનો મુદ્દો ઉપસ્થિત કરવામાં આવેલો હોવા છતાં તેઓએ પેનલ્ટી અંગે કોઈ રજુઆત કરેલ નથી. જેથી સામાવાળાએ વળતરની રકમ ચુકવવામાં ગંભીર બેદરકારી દર્શાવેલ હોઈ અને તેઓની બેદરકારીના કારણે અરજદારોને ત્રણ વર્ષ ઉપરાંતના સમય સુધી વળતરની રકમની રાહ જોઈને બેસી રહેવું પડેલ હોઈ સામાવાળાને વળતરની રકમની પુરેપુરી ૫૦% રકમ રૂા.૪,૫૦,૪૪૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર ચારસો ચાલીસ પુરા) પેનલ્ટી તરીકે અરજદારોને ચુકવી આપવા હુકમ કરવો વ્યાજબી અને ન્યાયી જણાય છે. જેથી મુદ્દા નં.૫ અને ૬ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કાયદાની કલમ–૪–એ નીચે મુજબ છે.

**<u>કલમ–૪–એ :</u>**

**4A** Compensation to be paid when due and penalty for default.

**(1)** Compensation under section 4 shall be paid as soon as it falls due.

**(2)** In case where the employer does not accept the liability for compensation to the extent claimed, he shall be bound to make provisional payment based on the extent of liability which he accept, and, such payment shall be deposited with the commissioner or made to the [employee], as the case may be, without prejudice to the right of the [employee] to make any further claim.

**(3)** where any employer is in default in paying the compensation due under this act within one month from the date it fell due, the commissioner shall,

**(a)** direct that the employer shall, in addition to the amount of the arrears,pay simple interest thereon at the rate of twelve percent. per annum or at such higher rate not exceeding the maximum of the lending rates of any scheduled bank as may be specified by the central government, by notification in the official gazette, on the amount due ; and

**(b)** if in his opinion, there is no justification for the delay, direct that the employer shall, in addition to the amount of the arrears and interest thereon, pay a further sum not exceeding fifty percent of such amount by way of penalty provoded that an order for the payment of penalty shall not be passed under clause(b) without

giving a reasonable opportunity to the employer to show cause why it should not be passed.

Explanation — for the purposes of this subsection, "scheduled bank" means a bank for the time being included in the second schedule to the reserve bank of india act, 1934 (2 of 1934).

**(એફ)** આ કામે સામાવાળા ધ્વારા અરજદારોને વળતરની રકમ ન ચુકવવાના કારણે અરજદારોને આ અરજી કરવી પડેલ હોઈ અરજી ખર્ચના રૂા.૩૦૦૧/– (અંકે રૂપિયા ત્રણ હજાર એક પુરા) અરજદારોને ચુકવી આપવા સામાવાળા નં.૧ ને જવાબદાર ઠરાવવામાં આવે છે.

**(જી)** કાયદાની કલમ–૪(૪) મુજબ ગુજરનારના અંતિમક્રિયાના ખર્ચની રકમ સામાવાળા નં.૧ નાએ ચુકવી આપેલ હોય તે દર્શાવતો કોઈ પુરાવા રજુ થયેલ ન હોઈ અકસ્માત મૃત્યુ તારીખે પ્રર્વતમાન કાયદાની પરીસ્થિતિ મુજબ અંતિમક્રિયાના ખર્ચની રકમ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) અરજદારોને ચુકવી આપવા આથી સામાવાળાને જવાબદાર ઠરાવવામાં આવે છે. સામાવાળાએ અરજદારોને લાશ લઈ જવા માટે રૂા.૫૫૦૦/– આપેલા છે પણ તે લાશ લઈ જવા માટેના ભાડા પેટે આપેલા છે. અંતિમક્રિયાના ખર્ચ પેટે કોઈ રકમ ચુકવેલ નથી. જેથી અંતિમક્રિયાના ખર્ચની રકમ ચુકવવા માટે સામાવાળા જવાબદાર ઠરે છે. કાયદાની કલમ–૪(૪) નીચે મુજબ છે.

**section-4-4**

**(4)** If the injury of the workman results in his death, the employer shall in addition to the compensation under sub section(1), deposit with the Commissioner a sum of [five thousand rupees] for payment of the same to the eldest surviving dependant of the works towards the expenditure of the funeral of such workman or where workman did not have a dependent or was not living with his dependent at the time of his death to the person who actually incurred such expenditure.

**(૧૨)** જેથી કેસનું રેકર્ડ તથા કાયદાની પરિસ્થિતિ લક્ષમાં લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**(૧)** આથી આ કામના સામાવાળાને ગુજરનાર મહેન્દ્રભાઈ ઉર્ફે પીન્ટુભાઈ દિનેશભાઈ ડામોરના અકસ્માત મૃત્યુના વળતરની રકમ રૂા.૯,૦૦,૮૮૦/–(અંકે રૂપિયા નવ લાખ આઠસો એસી પુરા), વળતરની રકમ પર અકસ્માત મૃત્યુ તા.૦૩/૦૪/૨૦૧૮ થી વસુલ થતાં સુધીના સમયગાળાનું ૧૨% લેખે સાદુ વ્યાજ, અરજી ખર્ચની રકમ રૂા.૩૦૦૧/– (અંકે રૂપિયા ત્રણ હજાર એક પુરા) અને વળતરની રકમની ૫૦% રકમ રૂા.૪,૫૦,૪૪૦/– (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર ચારસો ચાલીસ પુરા) પેનલ્ટી તરીકે તેમજ અંતિમક્રિયાના ખર્ચની રકમ રૂા.૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) આ કામના અરજદારોને ચુકવી આપવા માટે જવાબદાર ઠરાવવામાં આવે છે.

**(૨)** આથી આ કામના સામાવાળાને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન–૩૦ માં તેઓએ અરજદારોને ચુકવવાપાત્ર થતાં વળતર, વ્યાજ, ખર્ચ, પેનલ્ટી અને અંતિમક્રિયાના ખર્ચની રકમ અત્રેની કચેરીમાં જમા કરાવવી.

**(૩)** સદર હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૨૯/૧૨/૨૦૨૧
સ્થળ :દાહોદ

**(દિપકકુમાર જયંતીલાલ ચૌહાણ)**
**જીજે૦૦૭૮૦**
**કમિશનર**
**કર્મચારી વળતર ધારો**
**મજુર અદાલત, દાહોદ**